सत्यमेव जयते

**વર્ષ ૨૦૨૧-૨૨ નવી બાબત**
**માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ.૦૬.૫૦/-લાખ**

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧ (એક) આશ્રમશાળામાં ધોરણ-૦૮નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ન.બા-૧૦/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૭/૨૦૨૧

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૦૩/૯૪૨/ઘ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૯/૫૧૩/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૦૩/ઘ

(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૯/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ આવિ/આશા/૨૦૨૧/ફા.નં.૨૭૭૬/૨૭

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૧) થી વંચાણે લીધેલ તા.૧૭/૦૯/૨૦૦૩ના ઠરાવથી શ્રી પંચમહાલ આદિવાસી ખેડૂત પ્રગતિ મંડળ, મુ.પો.મલેકપુર, તા.લીમખેડા, જિ.પંચમહાલ સંચાલિત આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળા મુ.પો.મલેકપુર, તા.લીમખેડા, જિ.પંચમહાલની માન્યતા રદ્દ કરવામાં આવેલ હતી. આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૨) થી વંચાણે લીધેલ તા.૧૩/૦૮/૨૦૨૦ના ઠરાવથી ઉક્ત માન્યતા રદ્દ થયેલ આશ્રમશાળા મુ.પો.મલેકપુરને ટ્રસ્ટ ફેર તથા સ્થળફેર કરી જનસેવા ટ્રસ્ટ, મુ.ખેરોજ, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠાને આ આશ્રમશાળા મુ.ખેરોજ, તા.ખેડબ્રહ્મા ખાતે શરૂ કરી તેના સંચાલન માટે સોંપવામાં આવેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૩) થી વંચાણે લીધેલ તા.૨૭/૦૨/૨૦૧૩ના ઠરાવથી મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ધોરણ-૦૮નો સમાવેશ આશ્રમશાળામાં કરેલ છે. માન્યતા રદ્દ થયેલ આશ્રમશાળા, મલેકપુર ધોરણ-૧ થી ૭ના વર્ગો ધરાવતી આશ્રમશાળા હતી. આથી આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૩) થી વંચાણે લીધેલ તા.૨૭/૦૨/૨૦૧૩ના ઠરાવની જોગવાઇઓ મુજબ આશ્રમશાળા મુ.ખેરોજ ખાતે ધોરણ-૦૮નો વર્ગ મંજૂર કરવાનો રહે છે. જે અન્વયે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા ક્રમાંક (૪) થી વંચાણે લીધેલ તા.૧૯/૦૧/૨૦૨૧ના પત્રથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ઉક્ત ૦૧ આશ્રમશાળામાં ધોરણ-૦૮નો ૦૧ વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા અંગેની રૂ.૦૬.૫૦/- લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

